# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-10-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં સાત હજાર, 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું વર્ચ્યુઅલ ખાતમહૂર્ત અને લોકાર્પણ કરશે
- ✓ ભારતીય રિઝર્વ બૅંક આજે તેની દ્વિમાસિક નાણાંકીય નીતિની જાહેરાત કરશે
- ✓ ભારતીય રેલવે તહેવારોને જોતા પહેલી ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી મુસાફરોની સુવિધા માટે 6 હજાર 556 સ્પેશિયલ ટ્રેનો ચલાવશે
- ✓ ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ આજે બીજી ટી20 મેચમાં બાંગ્લાદેશ સામે, જ્યારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ICC મહિલા ટી20 વિશ્વકપમાં શ્રીલંકા સામે મેદાનમાં ઉતરશે
- ✓ અને હવામાન વિભાગે દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી

## *PM YOJANA*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં સાત હજાર, 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોનું વર્ચૂઅલી ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. આ યોજનામાં ડૉ. બાબા સાહેબ આંમ્બેડકર આંતરરાષ્ટ્રીય વિમાન મથકના ઉન્નયન અને શિરડી વિમાન મથકના નવા એકીકૃત ટર્મિનલ ભવનનું નિર્માણ પણ સામેલ છે.**

પ્રધાનમંત્રી મુંબઈ, નાસિક, જાલના, અમરાવતી, ગઢચિરોલી, બુલઢાણા, વાશિમ, ભંડારા, હિંગોલી અને થાણે જિલ્લાના અંબરનાથમાં સરકારી મેડિકલ કૉલેજનું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી ઉદ્યોગ ક્ષેત્ર માટે તૈયાર કાર્યબળ તૈયાર કરવાના હેતુથી ભારતીય કૌશલ સંસ્થાન – IIS, મુંબઈનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી વિદ્યા સમીક્ષા કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કરશે.

.................

## *PM-LAOS-VISIT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી લાઓસની બે દિવસની મુલાકાતે જશે. જ્યાં તેઓ 21મી આસિયાન-ભારત શિખર બેઠક અને 19મી પૂર્વ એશિયા શિખર બેઠકમાં હાજરી આપશે. શ્રી મોદી શિખર સંમેલનથી અલગ દ્વિપક્ષીય બેઠકો પણ કરે તેવી શક્યતા છે.

.................

## *HARYANA AND JK RESULTS*

હરિયાણા અને જમ્મૂ કાશ્મીર ચૂંટણી માટે મતગણતરી પૂર્ણ થઈ ગઈ છે. ચૂંટણી પંચના અહેવાલ અનુસાર ભારતીય જનતા પાર્ટી 90 સભ્યોની હરિયાણા વિધાનસભામાં બહુમતીનો આંકડો પાર કરી ગઈ છે. ભાજપે સતત ત્રીજી વખત હરિયાણામાં સત્તા જાળવી રાખી છે. દરમિયાન, નેશનલ કૉન્ફરન્સ અને કૉંગ્રેસ ગઠબંધન જમ્મુ અને કાશ્મીરમાં આગામી સરકાર બનાવવા માટે તૈયાર છે. તેણે 90 સભ્યોની વિધાનસભામાંથી 48 બેઠકો મેળવી છે.

હરિયાણામાં ભાજપે 48 વિધાનસભા બેઠકો જીતી છે, જ્યારે કૉંગ્રેસે 31 બઠકો, તો ભારતીય રાષ્ટ્રીય લોકદળને બે બેઠકો મળી છે. ત્રણ વિધાનસભા બેઠક પર અપક્ષ વિજયી થયા છે.

ભાજપ નેતા અને મુખ્યમંત્રી નયબ સિંહ સૈનીએ લાડવા બેઠક પરથી 16 હજારથી વધુ મતોથી જીત નોંધાવી છે. રાજ્યના મંત્રી અનિલ વિજે અંબાલા કેન્ટ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર ચિત્રા સરવરાને હરાવ્યા છે. કોંગ્રેસના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાએ રોહતકની ગઢી સાંપલા કિલોઈ બેઠક 71,000 થી વધુ મતોથી જીતી હતી. કોંગ્રેસ તરફથી કુસ્તીબાજ વિનેશ ફોગાટ જુલાના મતવિસ્તારમાંથી જીતી ગયા છે.

જમ્મુ અને કાશ્મીરમાં તમામ 90 બેઠકોના પરિણામ જાહેર થયા છે. જેમાં નેશનલ કૉન્ફરન્સે 42 બેઠકો જીતી હતી, જ્યારે તેના સહયોગી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને 6 બેઠકો મળી હતી. ભારતીય જનતા પાર્ટીને 29 બેઠકો મળી છે.

જમ્મુ-કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ ત્રણ બેઠકો જીતી છે. જમ્મુ અને કાશ્મીર પીપલ્સ કૉન્ફરન્સ, કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (માર્કસવાદી) અને આમ આદમી પાર્ટીને એક-એક સીટ મળી છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં અપક્ષોએ સાત બેઠકો જીતી છે.

.................

## *EC JAYRAM RAMESH*

ચૂંટણી પંચે ગઈકાલે કૉંગ્રેસ નેતા જયરામ રમેશના એ દાવાને ફગાવી દીધો છે, જેમાં તેમણે પંચની વેબસાઇટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો અપડેટ કરવામાં વિલંબ કરવાનો આરોપ મૂક્યો છે.

પંચે તેમના દાવાને આધાર વીનાના ગણાવતા કહ્યુ છે કે વિધાનસભા મત વિસ્તારોમાં તમામ 25 રાઉન્ડ ડેટા દર પાંચ મિનિટે અપડેટ કરવામાં આવ્યા. જે ઝડપી મતગણતરી અને તેની માહિતી પ્રસારિત થવાનું પરિણામ છે.

પંચે કહ્યું છે કે પરિણામો અપ઼ડેટ કરવામાં ધીમી ગતિના આરોપને સાબિત કરવાના પક્ષમાં કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી.

.................

## *RBI-POLICY*

ભારતીય રિઝર્વ બેંક આજે તેની દ્વિમાસિક નીતિ જાહેર કરવા જઈ રહી છે. ત્રણ દિવસીય નાણાકીય નીતિની બેઠક સોમવારે શરૂ થઈ હતી.

પાછલા સળંગ નવ સત્ર માટે, કેન્દ્રીય બેંકે આર્થિક વૃદ્ધિ સાથે ફુગાવાના નિયંત્રણને સંતુલિત કરવાના પ્રયાસમાં રેપો રેટ ફેબ્રુઆરી 2023 થી 6.50 ટકા પર યથાવત રાખ્યો છે.  ત્યારે આ વખતે પણ મધ્યસ્થ બેંક વ્યાજ દરો સ્થિર રાખે તેવી અપેક્ષા છે.

.................

## *DIWALI SPECIAL TRAINS*

ભારતીય રેલવે આ વર્ષે 1 ઓક્ટોબરથી 30 નવેમ્બર સુધી દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની સુવિધા માટે 6 હજાર 556  સ્પેશિયલ ટ્રેનો ચલાવશે. આમાંથી પશ્ચિમ રેલ્વે 106 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો સાથે 2315 ટ્રીપ ચલાવી રહી છે, જે ભારતનાં તમામ રેલવે ડિવિઝનમાં સૌથી વધુ છે.

દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા માટે દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ઉત્તર પ્રદેશ અને બિહારથી અવરજવર કરે છે. આ ગાળામાં મુસાફરોના ભારે ધસારાને કારણે મોટા ભાગની ટ્રેનોની ટિકિટો બે-ત્રણ મહિના અગાઉથી વેઇટિંગ લિસ્ટમાં આવી જાય છે. ગયા વર્ષે, ભારતીય રેલ્વેએ કુલ 4 હજાર 429 ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવી હતી.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે એક યાદીમાં જણાવ્યું છે કે, આ વિશેષ ટ્રેનો ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તર ભારત, પશ્ચિમ બંગાળ, ઉત્તર-પૂર્વનાં સ્ટેશનો માટે ચલાવવામાં આવી રહી છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *MALE CRICKET*

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ આજે દિલ્હીના અરૂણ જેટલી આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં ત્રણ મેચોની શ્રેણીના બીજા ટી20 મેચમાં બાંગ્લાદેશ સામે રમશે. ભારતીય સમય અનુસાર સાંજે સાત વાગે આ મેચ શરૂ થશે. સૂર્ય કુમાર યાદવના નેતૃત્વમાં ભારત શ્રેણીમાં એક – શૂન્યથી આગળ છે.

શ્રેણીની પ્રથમ મેચમાં ભારતે બાંગ્લાદેશને સાત વિકેટે હરાવીને સરળ જીત મેળવી હતી. આ મેચમાં અર્શદીપ સિંહ અને વરૂણ ચક્રવર્તીએ ત્રણ - ત્રણ વિકેટ લીધા હતા. જ્યારે હાર્દિક પંડ્યાએ માત્ર 16 બોલમાં 39 રન બનાવ્યા હતા.

.................

## *ICC WOMEN CRICKET*

આઇસીસી મહિલા ટી20 વિશ્વકપના ગૃપ-એમાં આજે ભારત-શ્રીલંકા સામે ત્રીજી મેચ રમશે. ભારતીય સમય અનુસાર સાંજે સાત વાગે આ મેચ શરૂ થશે. અન્ય એક મેચમાં બપોરે સાડા ત્રણ વાગે દક્ષિણ આફ્રિકા અને સ્કોટલેન્ડ વચ્ચે મુકાબલો થશે. બંને મેચ દુબઈમાં રમાશે.

આ પહેલા ભારતે પાકિસ્તાન સામે 6 વિકેટથી જીત હાંસલ કરી હતી. આ તરફ પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા સામેની હાર બાદ શ્રીલંકા ગૃપ-એમાં સૌથી નીચે છે.

.................

## *MANDAVIYA-ESIC*

શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ દસ નવી કર્મચારી રાજ્ય વીમા નિગમ -ESIC મેડિકલ કોલેજો સ્થાપવાની જાહેરાત કરી છે.  નવી દિલ્હીમાં ESICની 194મી બેઠકને સંબોધન કરતાં તેમણે આ જાહેરાત કરી હતી .  તેમણે કહ્યું કે સરકારે અટલ બીમિત વ્યકિત કલ્યાણ યોજનાને પણ બે વર્ષ માટે લંબાવી છે.આ બેઠકમાં આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના સાથે ESICના જોડાણની પણ જાહેરાત કરવામાં આવી હતી.  શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું કે આ નિર્ણયથી ESIC લાભાર્થીઓને દેશભરની આયુષ્માન ભારત પ્રધાન મંત્ર જન આરોગ્ય યોજના હોસ્પિટલોમાં સારવાર કરાવવામાં મદદ મળશે.

.................

## *IMD-WEATHER*

હવામાન વિભાગે ઉત્તર પૂર્વ અને દક્ષિણ દ્વીપકલ્પ સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર કેરળ, માહે, લક્ષદ્વીપ, તમિલનાડુ, પુડુચેરી, કોડાઈકેનાલ, રાયલસીમા અને તટિય કર્ણાટકમાં આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદની શક્યતા છે. તો આ મહિનાની 11 તારીખ સુધી અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ તેમજ ત્રિપુરામાં ભારે વરસાદ પડી શકે છે.

.................

## *NEPAL FLOOD*

નેપાળમાં હાલમાં જ આવેલા પૂર અને ભૂસ્ખલનને પગલે અત્યાર સુધીમાં 6 અબજ રૂપિયાના ખેતી અને પશુધનને નુકસાન થયાનો અંદાજ છે. આ પૂરને પગલે દેશની આર્થિક સ્થિતિ પર પણ ગંભીર અસર થઈ છે. કૃષિ અને પશુધન વિકાસ મંત્રાલયના એક અહેવાલ અનુસાર સતત વરસાદ બાદ આવેલા પૂરને પગલે 20

જિલ્લાઓમાં ચોખાની ખેતીને ભારે નુકસાન થયું છે, જેનાથી ઉત્પાદન પર ગંભીર અસર થઈ શકે છે.

નેપાળમાં પૂર અને ભૂસ્ખલનને કારણે 26 હજારથી વધુ પશુઓના મોત થયા છે. જ્યારે ઇલાયચી, શેરડી, ફળ અને શાકભાજીની ખેતી કરનારા ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

.................

## *MORN. RBI-SCHOLARSHIP SCHEME*

ભારતીય રિઝર્વ બેંકે શૈક્ષણિક સંસ્થાઓના ફેકલ્ટી સભ્યો માટે શિષ્યવૃત્તિ યોજનાની જાહેરાત કરી છે. યોજના હેઠળ, ભારતની કોઈપણ UGC અથવા AICTE-માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઓ અથવા કૉલેજોમાં અર્થશાસ્ત્ર અથવા ફાઇનાન્સ શીખવતા પૂર્ણ-સમયના ફેકલ્ટી સભ્યો ટૂંકા ગાળાના સંશોધન માટે અરજી કરવા પાત્ર છે. શિષ્યવૃત્તિ માટેના ક્ષેત્રોમાં નાણાકીય અર્થશાસ્ત્ર, બેંકિંગ, વાસ્તવિક ક્ષેત્રના મુદ્દાઓ તેમજ આરબીઆઈ સંદર્ભેના રસના અન્ય વિષયો શામેલ છે.

આ યોજનાનો હેતુ RBIની અંદરના વિવિધ કાર્યકારી ક્ષેત્રો વિશે માહિતી પ્રદાન કરતી વખતે ફેકલ્ટી અને વિદ્યાર્થીઓમાં આરબીઆઈની પ્રવૃત્તિઓ વિશે જાગરૂકતા વધારવાનો છે. મહત્તમ પાંચ શિષ્યવૃત્તિઓ આપવામાં આવશે, જેમાં ઇચ્છુક ઉમેદવારો 1,000 થી વધુ શબ્દોની સંશોધન દરખાસ્ત મોકલી શકશે. જે બાદ પેનલ ઇન્ટરવ્યૂના આધારે તેમની પંસદગી કરાશે.

આવતા મહિનાની 5મી તારીખ સુધીમાં અરજીઓ મોકલી શકાશે. રસ ધરાવતા ઉમેદવારો અરજી ફોર્મ અને વધુ વિગતો RBIની અધિકૃત વેબસાઇટ પર મેળવી શકે છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

# અનિલ પટેલ....

- જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીનાં પરિણામના સમાચાર આજનાં તમામ દૈનિકોની હેડલાઇન છેઃ
- અનેક અખબારોએ આ સમાચારને રસપ્રદ શિર્ષક આપ્યાં છે- દિવ્ય ભાસ્કરનું હેડિંગ છે- અખાડો કોંગ્રેસે સજાવ્યો, મેડલ ભાજપ લઈ ગયો
- કુલછાબનું હેડિંગ છે- હરિયાણાની જલેબી ભાજપને, કાશ્મીરી મેવો નેશનલ કોન્ફરન્સને.
- હરિયાણામાં ભાજપની હરિયાળીઃ જમ્મુ કાશ્મીરમાં ઓમરના ઓવારણા- આ હેડલાઇન સાથે ગુજરાત સમાચાર લખે છે- રાજકીય કુશળતાથી હરિયાણામાં ભાજપે હારની બાજી જીતમાં ફેરવી. તો સંદેશે પણ આ જ સમાચારને હેડલાઇન બનાવી લખ્યું છે-એક્ઝિટ પોલનું પોલંપોલઃ મોદી મેજિકઃ હરિયાણામાં ત્રીજી વાર ભાજપ
- મિથુન ચક્રવર્તીને દાદા સાહેબ ફાળકે પુરસ્કાર- આ સમાચારને નવુગજરાત સમયે તસવીર સાથે સ્થાન આપ્યું છે.
- સંદેશનાં એક સમાચાર પ્રમાણે ગુજરાતમાં દરરોજ 333 વ્યક્તિ શ્વાસ સંબંધિત તકલીફનો શિકાર બને છે
- 13મીએ મુખ્યમંત્રી, ધારાસભ્ય, સાંસદો શેરીઓ અને સોસાયટીમાં જઈને સભ્ય ઓક્ટોબરે નોંધશે- આ સમાચાર ગુજરાત સમાચારે છેલ્લાં પાને પ્રકાશિત કર્યા છે.

-------------